# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

**Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)**

પો.બો.નં.-૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪ ૨૬૫


## યુનિવર્સિટી કોર્ટમાંથી એક સભ્ય ચૂંટીને યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં મોકલવા અંગે યુનિવર્સિટી કોર્ટના સભ્યોની ચૂંટણી સભાનો કાર્યક્રમ-૨૦૧૯

આથી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કોર્ટના સભ્યશ્રીઓને જણાવવાનું કે, ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના એકટ-૧૯૪૮ની સેકશન-૩ (ડી) ની જોગવાઈ મુજબ આ યુનિવર્સિટી ધ્વારા તૈયાર કરવામાં આવેલ અને કારોબારી સમિતિ ધ્વારા મંજૂર કરેલ નિયમો અન્વયે યુનિવર્સિટી કોર્ટમાંથી એક સભ્ય ચૂંટીને યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં મોકલવા અંગે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની ધારાની કલમ-૧૭(૨)ની જોગવાઈ અન્વયે યુનિવર્સિટી કોર્ટની એક ખાસ સભા તારીખ : ૧૬/૦૩/૨૦૧૯ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે ગાંધી સ્મૃતિ હોલ,સરકારી અતિથિગૃહ સામે, યુનિવર્સિટી રોડ,પાટણ મુકામે મળશે.

૧. ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ, સમય ઈત્યાદિની માહિતી નીચે પ્રમાણે છે :-

| | | |
|---|---|---|
| (૧) | રૂલ્સ-૧ અનુસાર<br>ઉમેદવારી નોંધાવવાની પાત્રતા અંગેની વિગતો તથા ઉમેદવારી ફોર્મ મેળવવાની વિગત | Faculty of Medicine (Including Medical, Dental, Physiotheraphy, Homoeopathy, Nursing Etc.) ના સભ્ય અને યુનિવર્સિટી કોર્ટના સભ્ય હોય તેવા સભ્યો પૈકી એક સભ્ય<br>તારીખ : ૦૧/૦૩/૨૦૧૯ |
| (૨) | રૂલ્સ-૧ અનુસાર<br>ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ : ૦૬/૦૩/૨૦૧૯ ના રોજ સાંજના ૧૬-૦૦ કલાક સુધી |
| (૩) | રૂલ્સ-૧૧ અનુસાર<br>ઉમેદવારીપત્રોની ચકાસણીનો સમય | તારીખ : ૦૯/૦૩/૨૦૧૯ ના રોજ સાંજના ૧૬-૩૦ કલાકે |
| (૪) | રૂલ્સ-૧૦ અનુસાર<br>ઉમેદવારી પાછી ખેંચવાની મુદત | ઉમેદવારી પત્રોની ચકાસણી પછીના ચોવીસ કલાક સુધીમાં એટલે કે ૧૦/૦૩/૨૦૧૯ ના રોજ સાંજના ૧૬-૩૦ કલાક સુધી |
| (૫) | ચૂંટણીની તારીખ અને મતદાનનો સમય | તારીખ : ૧૬/૦૩/૨૦૧૯ ના રોજ બપોરના ૧૨-૪૫ થી ૧૪-૪૫ સુધી |

૨. રૂલ્સ-૯ માં કરેલી જોગવાઈ અનુસાર ઉમેદવારી પત્ર નિયત કરેલા પત્રકમાં હોવા જોઈશે, અને તેમાં બે મતદારોની સહીઓ અને તારીખ નાખેલી હોવી જોઈશે. વળી આ પ્રમાણે સહીઓ કરનારાઓના તથા ઉમેદવારોના નામ સરનામાં અને હોદ્દો (જો હોય તો) જણાવેલ હોવા જોઈશે. તે ઉપરાંત ઉમેદવારે ઉમેદવારીપત્ર ઉપર સહી કરીને તથા તારીખ નાખીને પોતાની સંમતિ દર્શાવેલી હોવી જોઈશે. કુલપતિશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયમાં ઉમેદવારીપત્ર પહોંચાડવાનો જે છેલ્લો દિવસ અને સમય નકકી કરેલો છે તે પહેલાં કે તે દિવસ એટલે કે **તારીખ :૦૬/૦૩/૨૦૧૯ ના રોજ સાંજના ૧૬-૦૦** કલાક સુધીમાં કુલસચિવશ્રીને ઉમેદવારીપત્રો પહોંચાડવા આવશ્યક છે.

૩. કોરુ ઉમેદવારીપત્ર રુબરુમાં યુનિવર્સિટીના એકેડેમિક શાખામાં નાયબ કુલસચિવશ્રી પાસેથી મળી શકશે. ઉપરાંત કુલસચિવશ્રીને વિનંતી કરીને ટપાલ મારફત પણ તે મેળવી શકાશે.

**કૃપયા ઉલટાવો....**

૪. ઉમેદવારીપત્રોની ચકાસણી કરવા માટે કુલપતિશ્રીએ **તારીખ : ૦૯/૦૩/૨૦૧૯ ના રોજ સાંજના ૧૬–૩૦ કલાક**નો સમય નકકી કરેલ છે. મજકૂર ચકાસણી યુનિવર્સિટી કાર્યાલયમાં થશે અને તે સમયે ઉમેદવારો પોતે અગર ઉમેદવારોએ જેમને આ માટે લેખિત અધિકાર આપ્યો હોય તેવા તેમના પ્રત્યેકના એક–એક પ્રતિનિધિ હાજર રહી શકશે. ઉમેદવારીપત્ર ચકાસણીના સમય અને પછીના ચોવીસ કલાકની અંદર એટલે કે **તારીખ : ૧૦/૦૩/૨૦૧૯ ના સાંજના ૧૬–૩૦ કલાક** સુધીમાં, ઉમેદવાર પોતાની સહીથી લેખિત અરજી કરીને રૂલ્સ–૧૦માં કરેલી જોગવાઈ અનુસાર જણાવેલી રીતે સહી સાક્ષી કરીને કુલસચિવશ્રીને મળે એવી રીતે પત્ર લખીને અથવા રૂબરૂમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે.

૫. ઉપર જણાવેલ ચૂંટણીમાં હરીફાઈ થશે તો રૂલ્સ–૧માં કરેલી જોગવાઈ અનુસાર ચૂંટણીની તારીખથી ઓછામાં ઓછા પાંચ દિવસ પહેલાં, એટલે કે **તારીખ : ૧૧/૦૩/૨૦૧૯** સુધીમાં,ચૂંટણીમાં ઉભા રહેવાને પાત્ર માન્ય ઉમેદવારોના નામની યાદી મતદારોને મોકલવામાં આવશે. જે યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in ઉપર તેમજ નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે.

૬. ઉપરની ચૂંટણી રૂલ્સ–૧૪માં કરેલી જોગવાઈ અનુસાર Each elector shall have one vote. An elector in recording his vote:- must place on his voting paper the marked possible the name of the candidate for who he votes. (ક્રોસ માર્ક) ની પધ્ધતિથી **તારીખ : ૧૬/૦૩/૨૦૧૯ ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે,** પાટણ મુકામે મળનાર યુનિવર્સિટી કોર્ટની સભામાં કરવામાં આવશે અને તે અંગેની સૂચનાઓ મતદાનપત્રમાં જણાવવામાં આવશે. મતદાન પેટી **તારીખ : ૧૬/૦૩/૨૦૧૯ ના રોજ બપોરના ૧૨–૪૫ કલાક થી બપોરના ૧૪–૪૫ કલાક** સુધી જ ખુલ્લી રાખવામાં આવશે. આ સમય પછી આવનાર મતદારને મતપત્ર મળી શકશે નહીં.

૭. સદર મતદાર યાદી યુનિવર્સિટીની વેબસાઈટ તેમજ નોટીસ બોર્ડ ઉપર જોવા માટે મુકેલ છે જે યુનિવર્સિટી કાર્યાલયના કામકાજના કલાકો દરમ્યાન રૂા. ૫૦/– ની કિંમતે કેશ કાઉન્ટર પરથી વેચાતી મળી શકશે.

ઈ.ચા. કુલસચિવ

પત્રાંક : એકે/ સ.મં./ચૂં./૧૨૨–૬/ ૯–૫૨૩ /૨૦૧૯
તારીખ :૨૨/૦૨/૨૦૧૯

પ્રતિ,

૧. યુનિવર્સિટી કોર્ટના સર્વે સભ્યશ્રીઓ
૨. મેડીકલ ફેકલ્ટીના સભ્યશ્રીઓ
૩. ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી
૪. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
૫. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી
૬. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર મુકવા સારૂ.)